# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૨૬/૧૧/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘જીડીપી ગ્રોથ તથા ટ્રાફિક અને પર્યાવરણની સમસ્યાનું નિરાકરણ એટલે સાયકલીંગ’ વિશે ચેમ્બરમાં સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવારે, તા. ૨૬ નવેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીંગ, નાનપુરા, સુરત ખાતે ‘જીડીપી ગ્રોથ તથા ટ્રાફિક અને પર્યાવરણની સમસ્યાનું નિરાકરણ એટલે સાયકલીગ’ વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે વલસાડના બાયસીકલ મેયર ડો. ભૈરવી જોશી અને સુરત પોલીસના ટ્રાફિક વિભાગના નાયબ પોલીસ કમિશનર શ્રી પ્રશાંત સુમ્બે (IPS)એ જીડીપી ગ્રોથ તેમજ ટ્રાફિક અને પર્યાવરણની સમસ્યાના નિરાકરણ માટે સાયકલીગની જરૂરિયાત વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, સુરત શહેરનો ખૂબ જ ઝડપથી વિકાસ થઇ રહયો છે અને શહેરની પોપ્યુલેશન પણ વધી રહી છે. જેને કારણે ટ્રાફિક અને પર્યાવરણની સમસ્યા ઉદ્‌ભવી રહી છે. આ બાબતો જીડીપી ગ્રોથને પણ અસર કરે છે. વિદેશોમાં આરોગ્ય અને પર્યાવરણની જાળવણી માટે સાયકલીગને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. સાયકલીગ ફીટનેસ, પર્યાવરણ અને ટ્રાફિક નિવારણ માટે મદદરૂપ થાય છે તે બાબત આજના સેમિનારમાં સમજાવવામાં આવશે.

વલસાડના બાયસીકલ મેયર ડો. ભૈરવી જોશીએ બાયસીકલ મેયરની પરીભાષા સમજાવતા જણાવ્યુ હતુ કે, ભારતમાં ૪૨ બાયસીકલ મેયર છે. સાયકલીસ્ટોની આ કોમ્યુનિટી સ્ટેકહોલ્ડર્સ અને ગર્વમેન્ટને કનેકટ કરવાનો પ્રયાસ કરે છે. આજે વિશ્વના ૨૦ પ્રદુષણવાળા શહેરોમાં ભારતના ૧૩ શહેરોનો સમાવેશ થાય છે. નવી દિલ્હીમાં ફેલાયેલું પ્રદુષણ હવે પંજાબ અને ગુજરાત સુધી પહોંચી રહયુ છે. જેને કારણે લોકોના આરોગ્યને

નુકસાન થઇ રહયુ છે. પ્રદુષણને કારણે ગ્લોબલ વોર્મિંગ વધે છે, પ્રવાસીઓની સંખ્યા ઘટી રહી છે અને સાથે જ પ્રદુષણવાળા શહેરોનુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મહત્વ ઘટી રહયુ છે. આ ઉપરાંત રોડ ઉપર વાહનોનું પ્રમાણ વધવાને કારણે ટ્રાફિક જામ થતા વાહનચાલકો મેન્ટલી ડિપ્રેશનમાં આવે છે. તેઓનો સમય પણ બગડે છે. વર્ક એફિશીયન્સી ઘટે છે અને સરવાળે ઇકોનોમી પણ ડાઉન થાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, teri ઇન્સ્ટીટયુટ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં એવી બાબત સામે આવી છે કે સાયકલીંગને કારણે પર્યાવરણ અને ટ્રાફિકની સમસ્યાને દૂર કરી શકાય છે. ભારતને ૮૦ ટકા ક્રુડઓઇલ આયાત કરવુ પડે છે. સાયકલીંગને કારણે તેની જરૂર ઓછી પડશે. આથી દેશની ઇકોનોમી સુધરશે. બીજી બાજુ લોકોનો પેટ્રોલ – ડિઝલ અને મેડીકલમાં ખર્ચ ઘટશે તો જીડીપી ગ્રોથ પણ વધશે. માત્ર સાયકલ પર જ નહીં પણ ચાલતા પણ જઇ શકાય છે. સિડની, લંડન, લોસએન્જલ, નેધરલેન્ડ હવે સાયકલ ફ્રેન્ડલી બની રહયાં છે. આથી પર્યાવરણ અને ટ્રાફિકના પ્રશ્નોના નિવારણ માટે આપણે પણ આ દિશામાં વિચારવુ પડશે.

ડીસીપી ટ્રાફિક શ્રી પ્રશાંત સુમ્બેએ ટ્રાફિક સરળીકરણ માટે સાયકલીંગના મહત્વ વિશે લોકોને સમજણ આપી હતી. તેમણે કહયુ હતુ કે પોલીસ તો તેમની તરફથી સાયકલીંગ માટે અવેરનેસનું કામ કરશે જ પણ સમાજને પણ તેની જવાબદારી નિભાવવી પડશે. સોસાયટીના હોદ્દેદારોએ આગળ આવીને લોકોને સાયકલીંગ માટે સમજાવવા પડશે. માત્ર પર્યાવરણ અને ટ્રાફિક નિવારણ માટે નહીં પણ પોતાના સારા આરોગ્ય માટે પણ સાયકલીંગનું મહત્વ બતાવવુ પડશે. આના માટે લોકોને મેન્ટલ બેરીયર દૂર કરવી પડશે. સાયકલ માત્ર ગરીબનું વાહન નથી. કેટલાક વિદેશોમાં મોટાભાગના લોકો સાયકલ ઉપર નોકરીએ જતા થઇ ગયા છે.

સાયકલને કારણે ફિઝીકલ ફીટનેસ, સોશિયલ બેનીફીટ્સ, સ્ટ્રેસ લેવલ ઘટે છે, પર્યાવરણની સ્થિતિ સુધરે છે અને સરવાળે દેશના અર્થતંત્રને પણ ફાયદો થાય છે તે દિશામાં તેમણે વિસ્તૃતપણે ચર્ચા કરી લોકોને સમજણ આપી હતી. તેમણે સાયકલીસ્ટોને અપીલ કરી હતી કે સાયકલ ચલાવતી વખતે પણ પોતાની સુરક્ષા માટે હેલ્મેટ પહેરજો. સુરતમાં સાયકલીંગ માટે ડેડીકેટ રોડ બનાવવાની જરૂર હોવાથી તે દિશામાં પણ પોલીસ સુરત મહાનગરપાલિકા સાથે મળીને બનતા તમામ પ્રયત્ન કરશે. શહેરમાં ટ્રાફિકના નિયમન માટે ટ્રાફિક પોલીસ પુરી તાકાતથી કામ કરી રહી છે તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

શહેરમાં વિદ્યાર્થીઓ અને સિનીયર સિટીઝનોની સેફટી અને સિકયુરીટીને પ્રાધાન્ય આપવામાં આવે એવા સૂચનો ડીસીપી સમક્ષ કરવામાં આવ્યા હતા. શ્રી યઝદી કરંજીયાએ પણ સેફટી અને સિકયુરીટીને ઘ્યાનમાં રાખીને પોતાના વિચારો સેશનમાં વ્યકત કર્યા હતા. બંને વકતાશ્રીઓએ લોકોના વિવિધ સવાલોના જવાબ આપ્યા હતા.

આ સેશનમાં ઇવેન્ટ્ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ, ચેમ્બરની એન્ટરટેનમેન્ટ કમિટીના કો–ચેરપર્સન શ્રીમતી નમ્રતાબેન દેસાઇ અને સભ્ય સુશ્રી એશાબેન દાદાવાલા, સ્પોર્ટ્સ એન્ડ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી ધર્મેશ વાણિયાવાલા, સુરતના બાયસીકલ મેયર શ્રી સુનીલ જૈને પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.